## અનુપમ મિશન

### વિશ્વનાં મુખ્ય કેન્દ્રો



**Anoopam Mission India**
Brahmajyoti
Shree Swaminarayan Spiritual
Cultural & Community Center
Yogiji Marg, Mogri 388 345
Dist: Anand, Gujarat, India
Tel: +91 26 92 230544/230483
Fax: +91 26 92 235660
Email: amindia@anoopam.org

**Anoopam Mission UK**
Brahmajyoti
Shree Swaminarayan Spiritual
Cultural & Community Center
The Lea, Western Avenue, Denham
Uxbridge, Middx UK
Tel: +44 (0)1895 832709
Fax: +44 (0)1895 834338
Email: amuk@anoopam.org





**Anoopam Mission USA**
Brahmajyoti
Shree Swaminarayan
Spiritual & Cultural Center
2120 Clearview Road
Coplay, PA 18037
USA
Tel: +1 610 502 1100
Fax: +1 610 502 1200
Email: amusa@anoopam.org

**www.anoopam.org**


*"To Serve Humanity Is To Serve God"*
*~ Guruvarya Param Pujya Saheb*



















# અનુપમ મિશન

**શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ**
**એવં સાંસ્કૃતિક સેવા કેન્દ્ર**

# એક અજોડ વિકાસલક્ષી અભિગમ



યુવાન જશુભાઈસાહેબ પોતાના ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય યોગીજીમહારાજ સાથે

### અનુપમ : જેને ઉપમા નથી એવું; સર્વોત્તમ

સ્વામિનારાયણ સંપ્રદાય અને આધ્યાત્મિક જગતના સંતશિરોમણિ, આર્ષદ્રષ્ટા ગુરુદેવ યોગીજીમહારાજે ભવિષ્યના નવા યુગની જરૂરિયાત પારખી, પોતાના વહાલા યુવાન જશુભાઈસાહેબને ભગવાં વસ્ત્રની દીક્ષા આપ્યા સિવાય સામાન્ય વેશે સાધુ થઈ સાધુતા પ્રાપ્ત કરવાની સાધનાના સંન્યસ્ત જીવનના એક નૂતન માર્ગની આપેલી પ્રેરણા અને આશીર્વાદના ફળ સ્વરૂપે અનુપમ મિશન પાંગર્યું, વિકસ્યું અને વિસ્તરી રહ્યું છે.

# અનુપમ મિશન પ્રતિ સંતો, મહાનુભાવોનાં ભાવ-દર્શન

ભારતવર્ષ સહિત સમગ્ર વિશ્વમાં આવેલી અનેક આધ્યાત્મિક સંસ્થાઓમાં અનુપમ મિશન તેના નામ પ્રમાણે અદ્વિતીય અને અનુપમ છે. શ્રી જશભાઈસાહેબના દિવ્ય અને પ્રેરણાદાયક નેતૃત્વ હેઠળ દેશ-વિદેશમાં સાધકો વિવિધ ક્ષેત્રે અમૂલ્ય સેવાકાર્યો કરી રહ્યા છે. ગરીબ અને જરૂરિયાતમંદોને વિના મૂલ્યે ભોજન, વસ્ત્ર અને આશ્રય આપતી અનેક સંસ્થાઓથી આગળ વધીને અનુપમ મિશન શિક્ષણ, જ્ઞાન અને મુખ્યત્વે માનવીના ચારિત્ર્યઘડતરમાં વિશેષ પ્રદાન અર્પી રહ્યું છે. ઉત્સાહી, સમર્પિત અને અનુશાસિત યુવાશક્તિને સાથે લઈને સાહેબ જનતા જનાર્દનની સાચા અર્થમાં સેવા કરી રહ્યા છે. ભગવાન સ્વામિનારાયણ અનુપમ મિશનને પૂર્ણ સફળતા માટે પરમ સુખમય ભક્તિ સદાકાળ પ્રદાન કરે તેવી પ્રાર્થના !

**~ પૂજ્ય શ્રી સ્વામી સત્યમિત્રાનંદગિરિજીમહારાજ**

અનુપમ મિશન એ તેના નામ પ્રમાણે આધુનિક વિશ્વના પડકારો ઝીલવા વિશિષ્ટ અભિગમ ધરાવતી સંસ્થા છે.

**~ પૂજ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા**

યુ.કે. સ્થિત અનુપમ મિશનનું કેન્દ્ર તેની નિ:સ્વાર્થ સેવાપ્રવૃત્તિઓ માટે પ્રસિદ્ધ છે. વિવિધ સામાજિક સંસ્થાઓને હિન્દુત્વની ભાવના સાથે સમન્વિત કરી કાર્ય કરવા દૃષ્ટિ અને સમજ આપે છે.

**~ ડૉ. એમ. એન. નંદકુમાર (ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ભારતીય વિદ્યાભવન, યુ.કે.)**

અનુપમ મિશન હિન્દુ સંસ્કૃતિપ્રધાન શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું સર્વોત્તમ ઉદાહરણ છે... તેણે સંસ્કૃતિનાં મૂલ્યોને હૃદયની વિશાળતા અને કરુણાસભર હૈયે બહુજન સમાજ સમક્ષ પ્રસાર્યાં છે.

**~ પૂજ્ય શ્રી શૌનક ઋષિદાસ** *(ડાયરેક્ટર, ઑક્સફર્ડ સૅન્ટર ફૉર ધ હિન્દુ સ્ટડિઝ, યુ.કે.)*

પ.પૂ. સાહેબ ! અમને આપનાં અવિરત પ્રેમ, માર્ગદર્શન, આધ્યાત્મિકતા અને સહાયની ઝંખના છે...

**~ ડૉ. સામ પિત્રોડા, યુ.એસ.એ. (ચૅરમૅન ઑફ ઇન્ડિયાસ નૅશનલ નૉલેજ કમિશન)**

મારો એવો સ્વ-અનુભવ છે કે, પ.પૂ. સાહેબ અને અનુપમ મિશન પરિવારના સૌ સંતો, ભક્તો માનવસેવાનું અનુકરણીય કાર્ય કરી રહ્યા છે.

**~ પૂજ્ય શ્રી સ્વામી નિત્યાનંદમહારાજ,** *(યુ.એસ.એ.)*

# શ્રી સ્વામિનારાયણ તત્વજ્ઞાન



પરબ્રહ્મ પુરુષોત્તમ
શ્રી સહજાનંદસ્વામી
(સ્વામિનારાયણ ભગવાન)

અમે આસુરી જનોના સંહાર માટે અવતાર ધારણ નથી કર્યો, પરંતુ માનવમાં રહેલા આસુરી ભાવનાના ઉન્મૂલન માટે અવતાર ધારણ કર્યો છે. માનવને માત્ર ગરીબી અને દુ:ખોમાંથી ક્ષણિક મુક્તિ અપાવવા માટે નહિ, પરંતુ તે સર્વના કારણરૂપ જન્મ-મરણના ચકરાવામાંથી માનવને મુક્ત કરવા અવતાર ધર્યો છે.

~ ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન સ્વામિનારાયણે માનવજાતને દુ:ખ-દર્દોમાંથી શાશ્વત મુક્તિ અપાવવા અને દિવ્યતા અર્પવા હિન્દુ દર્શન અને ધર્મગ્રંથોના દોહન રૂપે અક્ષરપુરુષોત્તમની યુગલ ઉપાસનાનો સરળ માર્ગ સ્થાપ્યો.



અક્ષરબ્રહ્મ
શ્રી ગુણાતીતાનંદસ્વામી
(ભગવાનને રહેવાનું ધામ)

નિ:સ્વાર્થ સેવાભાવના, ભગવાન અને ભગવાનના ભક્તો પ્રતિ પ્રેમ અને પ્રસન્ન કરવા રૂપ પરાભક્તિ; એવા સદ્‌ગુણસભર જીવનથી પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષના સંબંધે પ્રભુપ્રાપ્તિ કરવી તે આ ઉપાસનાનું હાર્દ છે.

'એવા ગુણાતીત સાધુ થકી આ પૃથ્વી પર અમે સદાકાળ પ્રગટ રહીશું...' એવા ભગવાન સ્વામિનારાયણના વરદાન મુજબ તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામી (ઈ.સ. ૧૭૮૫થી ૧૮૬૭) દ્વારા બ્રહ્મસ્વરૂપે પ્રગટ રહ્યા.



મહામુક્ત
શ્રી ગોપાળાનંદસ્વામી
(ભગવાનના આદર્શ ભક્તરાજ)

આવા ગુણાતીત સંતની કૃપાશિષે અન્યોન્યમાં પ્રભુ જોઈ વર્તન વ્યવહાર કરી શકાય છે અને તેઓના સમાગમથી સહજ-સરળ રીતે માન, સ્વાદ, સ્નેહ, લોભ અને કામ આદિ પંચ દોષની નિવૃત્તિ થાય છે.

આવા ગુણાતીત સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થવાથી જ અક્ષરધામરૂપ થવાય છે, પુરુષોત્તમની સેવાનો અધિકાર મળે છે અને મહામુક્તની સ્થિતિ પમાય છે.



ગુણાતીતાનંદસ્વામીના સંબંધ અને સમાગમથી બ્રાહ્મીસ્થિતિને પામેલા ભગતજી મહારાજ દ્વારા આ પૃથ્વી પર પ્રત્યક્ષ અને પ્રગટની ઉપાસના જીવંત રહી, તેઓની કૃપાથી શાસ્ત્રીજીમહારાજ તેવી બ્રહ્મસ્વરૂપની સ્થિતિને પામ્યા અને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ-યુગલ ઉપાસનાનું પ્રવર્તન કર્યું.



ગુણાતીત પરંપરાના વારસદાર યુગપુરુષ યોગીજીમહારાજે પોતાની આર્ષદૃષ્ટિથી શુદ્ધ યુગલ-ઉપાસના પ્રવર્તનનું કાર્ય વિશ્વવ્યાપી બનાવ્યું અને સાથે સાથે જીવન-વ્યવહારમાં ધર્મનાં આચરણ, સંપ-સુહૃદભાવ ને એકતા જેવાં જીવનમૂલ્યોનું સ્થાપન, યુવાનોમાં સનાતન મૂલ્યોના રક્ષણ માટેની જાગૃતતા અને માનવસેવા દ્વારા આત્મકલ્યાણ સાધવાનો બોધ પોતાનાં જીવન-વર્તન દ્વારા આપ્યો.



સાહેબ અને તેમના સાથીઓની ચૈતન્યશક્તિને પારખી યોગીજીમહારાજે આધ્યાત્મિક માર્ગે એક ક્રાંતિકારક નવપ્રસ્થાન આદર્યું. સાહેબ અને તેમના અષ્ટ સખાઓને રૂઢિગત ભગવાં વસ્ત્ર ન પહેરાવતાં સામાન્ય વસ્ત્રે જ રહી આજીવન સાધુજીવન ગાળવાના આદેશ-આશિષ આપ્યાં. પ.પૂ. કાકાજી અને પ.પૂ. પપ્પાજીની હૂંફભરી દોરવણી પ્રાપ્ત થઈ.



તે આશિષનું સ્વરૂપ વિકસતું વિકસતું આજે અનુપમ મિશનરૂપ વટવૃક્ષ બની રહ્યું છે, જેની નિશ્રામાં દોઢસો જેટલા યુવકો સાધના કરી રહ્યા છે. કહો કે, સાહેબ એના માળી છે, ઉદ્દીપક છે; કર્મયોગના, સાધનાના, જીવનસમજના સાહેબ પ્રેરક છે, પથદર્શક છે, પરમ શ્રદ્ધેય છે.



ગુરુવર્ય પ.પૂ. સાહેબ ભગવાન સ્વામિનારાયણને સાંગોપાંગ ધારનારી અક્ષરપુરુષોત્તમ પરંપરાના ગુણાતીત સંત છે અને ગુરુદેવ યોગીજીમહારાજના આર્ષસર્જન નૂતન સાધના માર્ગ અને 'અનુપમ મિશન'ના પ્રણેતા છે.



અનુપમ મિશનના સ્થાપક ગુરુવર્ય પ.પૂ. સાહેબ સાથે સહભાગી સાથીઓ

# સાધુ : ભગવા આતમના...




અનુપમ મિશનના વ્રતધારી સાધકો સ્વામિનારાયણ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને સાંગોપાંગ અનુસરી નૂતન યુગ સાથે સંવાદી સમન્વય રચનાર અદ્વિતીય સંતો છે. આ સાધકોએ પોતાનાં હૃદય, મન અને અસ્તિત્વને ભગવાં કરી સંતત્વ પોતાના સૂક્ષ્મમાં ઘૂંટ્યું છે ; અને બાહ્યાચારને સામાન્ય નાગરિકની જેમ સ્થળ તથા સમયને અનુરૂપ છતાં અનુશાસિત રાખ્યાં છે. તેઓ ધરતી (ક્રીમ) રંગના પાટલૂન અને આકાશી (સ્કાય બ્લ્યૂ) રંગના ખમીશનો ગણવેશ પહેરે છે તથા ડાબા ખિસ્સા પર અનુપમ મિશનનું પ્રતીક ધર્મચક્ર ધારે છે.

અનુપમ મિશનના સાધકોએ કર્મ અને ભક્તિના ઊર્ધ્વલક્ષી સંગમમાં જ્ઞાન, શ્રદ્ધા અને સેવાની સુગંધ ભેળવી છે. પોતાના ઉછેર અને આવડતમાં બૃહદ સમાજના ઋણને સ્વીકારનાર આ સાધકો પોતાનાં કૌશલ્યોને સર્જનાત્મક ઉદ્યોગમાં પ્રવૃત્ત કરી, સ્વનિર્ભર જીવી, કરકસરથી, શેષ સંપત્તિને વળી પાછી સમાજની બહુવિધ સેવા માટે સમર્પિત કરી રહ્યા છે. તેથી જ અનુપમ મિશનને અર્પણ થતી







રહ્યા છે. તેથી જ અનુપમ મિશનને અર્પણ થતી આર્થિક સહાય સો ટકા જે-તે પ્રયોજન અર્થે જ સમાજહિતાર્થે અને સેવાકીય પ્રવૃત્તિઓમાં વપરાય છે.

યુવાનીના ઉંબરે પગ મૂકતાં જ સાહેબે યોગીજી મહારાજના યોગે અને આશીર્વાદે પોતાના સંબંધમાં આવનાર અનેક જીવાત્માઓને પોતાનો સ્પર્શ આપી ભગવાન સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાનથી સભર કર્યા છે.

તેઓએ પોતાના સમગ્ર જીવન દરમિયાન ઊંચા અધ્યાત્મ-આદર્શોને હકારાત્મક અભિગમ રાખી સૌના હૃદયમાં સ્થાપ્યા છે અને આનંદપૂર્વક શાશ્વત શાંતિના માર્ગે દોરી કેન્દ્રમાં પ્રભુને રાખીને જીવન જીવતા કર્યા છે.

ગુરુવર્ય પ.પૂ. સાહેબે ધર્મ, અધ્યાત્મ, સેવા અને સમર્પણનો વિજ્ઞાન અને આધુનિક જીવનશૈલી સાથે અદ્ભુત અને અનુપમ સમન્વય સ્થાપ્યો છે. તેઓએ અનેક જીવાત્માઓને અધ્યાત્મપથ પર દોર્યા છે. સાહેબના દૂરગામી દર્શનથી અનુપમ મિશનની પ્રવૃત્તિઓ દેશ-વિદેશે પાંગરી છે અને 'શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ એવં સાંસ્કૃતિક કેન્દ્રો' દ્વારા શાશ્વત બની છે.





અનુપમ મિશન
શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ એવં સાંસ્કૃતિક સેવા કેન્દ્ર
ભારત - યુ.કે. - યુ.એસ.એ.
કેળવણી, સંસ્કૃતિ, સંવાદિતા, સ્વાસ્થ્ય અને અધ્યાત્મ દ્વારા રાષ્ટ્રનિર્માણ અર્થે
સેવાપ્રવૃત્ત સ્વાશ્રયી કર્મયોગી સાધકોનું અધ્યાત્મધામ

# અનુપમ મિશન : ભારત
## પ્રવૃત્તિઓ



અનુપમ મિશનનું ભારતમાં ગુજરાતની વિદ્યાનગરી-વલ્લભવિદ્યાનગરની
નજીકના મોગરી નગરે સ્થિત કેન્દ્ર, વિશ્વભરમાં ચાલતી
સેવાકીય પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર છે.

* સંસ્કૃતિ, સંસ્કાર તેમજ મૂલ્યોનું જતન અને સંવર્ધન.
* નિત્ય ધ્યાન, ધૂન, આરતી, મહાપૂજા, સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય અને ધર્મોપદેશ.
* આધ્યાત્મિક અને સંસ્કારસિંચન શિબિરો અને યોગ શિબિરો.
* આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી.
* હરિભક્તોના ઘરે પધરામણી, મહાપૂજા અને પ્રાર્થના.
* પ્રાર્થના અને સભા માટે વિશ્વભરમાં વિચરણ અને કેન્દ્રોની સ્થાપના.

## શૈક્ષણિક સેવાઓ...

### આનંદ બાલવાડી, શારદા મંદિર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય અને નીલકંઠ વર્ણી વિદ્યાલય

બાળકોને ગળથૂથીથી મૂલ્યલક્ષી શિક્ષણ સાથે સંસ્કાર આપતી બાલવાડી, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ...

### મિત્ર પુનર્વસન કેન્દ્ર

માનસિક પડકાર અને વિશેષ જરૂરિયાતવાળાં મતિમંદ બાળકો માટે ભારતની અગ્રગણ્ય આધુનિક શાળા...

### દિશા પરામર્શ કેન્દ્ર

કારકિર્દી માર્ગદર્શન અને પરામર્શ કેન્દ્ર.

### યોગીજી મહારાજ મહાવિદ્યાલય

સ્ત્રીકેળવણીને પ્રોત્સાહન આપવા રૂપ આર્થિક અને સામાજિક રીતે પછાત વિસ્તારમાં મહિલાઓના ઉચ્ચ શિક્ષણ માટે આર્ટ્સ, કૉમર્સ અને બી.સી.એ. કૉલેજ.



કે.જી.



માનસિક પડકારવાળાં બાળકો માટે રોજગારલક્ષી તાલીમ



પ્રાથમિક અને માધ્યમિક શાળા



મહિલાઓ માટે આર્ટ્સ, કૉમર્સ અને B.C.A. કૉલેજ

### અક્ષરપુરુષોત્તમ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ

યુવાનો આત્મનિર્ભર બને તે માટેનું રોજગારલક્ષી કૉમ્પ્યુટર એઈડેડ તાલીમ કેન્દ્ર.

### ઈન્ફર્મેશન ટેક્નોલોજી સૅન્ટર

આધુનિક યુગ સાથે કદમ મિલાવવા યુવાનોને અદ્યતન કૉમ્પ્યુટર શિક્ષણ આપતું ભારતનું ટોચનું કેન્દ્ર જે ભારત સરકાર દ્વારા દેશના સર્વ શ્રેષ્ઠ કેન્દ્ર રૂપે અનેકવાર પુરસ્કૃત થયું છે.



ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ



કૉમ્પ્યુટર તાલીમ કેન્દ્ર

## આરોગ્યલક્ષી સેવાઓ

### જરૂરિયાતમંદોને પોષાય તેવી સુલભ આરોગ્યલક્ષી સેવાઓ...

### શ્રી યોગી આરોગ્ય કેન્દ્ર

ગ્રામ્ય વિસ્તારમાં સામાન્ય પ્રકારના રોગોની તપાસ, નિદાન અને સારવાર, દંત સારવાર અને સુરક્ષા, લોહી અને પેશાબમાં પરીક્ષણ, ફિઝિયોથેરાપી, વિશેષ પ્રકારના રોગો માટે પ્રખ્યાત તજજ્ઞ ડૉક્ટરો દ્વારા નિદાન અને સારવારની સુવિધા વિના મૂલ્યે બહુજ નજીવા દરે પૂરી પાડવામાં આવે છે.

### સ્વાસ્થ્ય શિબિરો, ચક્ષુરોગ નિદાન અને સારવાર શિબિરો, રક્તદાન શિબિરો, યોગ શિબિરો અને કેન્સર જાગૃતતા અભિયાન

સમાજના છેવાડાના માણસ સુધી નિરામય આરોગ્યલક્ષી સુવિધા પહોંચાડવા માટે વિવિધ સ્વાસ્થ્ય સારવાર શિબિરો અને સ્વાસ્થ્યલક્ષી જાગૃતતા અભિયાનનાં આયોજન...

### અનુપમ સંજીવની આરોગ્ય અભિયાન (ASHA)

નર્મદા જિલ્લાનાં પછાત, અંતરિયાળ અને ડુંગરાળ ગામોમાં જ્યાં કોઈ સ્વાસ્થ્યસુવિધા પહોંચી નથી ત્યાં મોબાઈલ ક્લિનિક દ્વારા લોકસંપર્ક સાધી વિવિધ રોગોનું નિદાન, જરૂરી સારવાર તેમજ સાવચેતી અંગેનું શિક્ષણ આપવામાં આવે છે.

### અનુપમ મિશન મહિલા આરોગ્ય અભિયાન (AMMA)

મહિલા સ્વાસ્થ્ય સુરક્ષા અર્થે સામાન્ય ગંભીર રોગો, મહિલાઓને થતા સામાન્યથી ગંભીર રોગોની તપાસ, નિદાન અને સારવાર પૂરી પાડીને મહિલા અને સ્વાસ્થ્યની સુરક્ષા પૂરી પાડવામાં આવે છે.

### પ્રાકૃતિક ઉપચાર કેન્દ્ર

વિવિધ પ્રકારની આરોગ્ય સમસ્યાઓના પ્રાકૃતિક ઉપચારો માટે સુવિધાસજ્જ નિવાસી ઉપચાર કેન્દ્ર



સ્વાસ્થ્ય સુરક્ષા



ડેન્ટલ કેર



મોબાઈલ વાન




નેત્રયજ્ઞ



પ્રાકૃતિક ઉપચાર કેન્દ્ર

## સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓ :
સમયની જરૂરિયાત અનુસાર સમાજસેવાઓ

### ચિલ્ડ્રન ઑફ મધર સૉઈલ અને મિલ્સ ફોર ચિલ્ડ્રન

માતૃભૂમિનાં જરૂરિયાતમંદ બાળકોના શૈક્ષણિક અને સર્વાંગી વિકાસ માટે આર્થિક સહાય તેમજ ભોજન પ્રબંધ.

### યુવાશિબિરો

બાળકો અને યુવાનોની શિબિરો દ્વારા સંસ્કારસિંચન, કલા-કૌશલ્યનાં સંવર્ધન, દેશપ્રેમ તેમજ શિસ્તબદ્ધ અને ગૌરવસભર જીવનની હોંશ અને સૂઝ જગાડવાનાં આયોજન.

### પુસ્તક બૅન્ક, ટૉય લાઈબ્રેરી અને શૈક્ષણિક શિષ્યવૃત્તિઓ

જરૂરિયાતમંદ બાળકો અને યુવાનોને રમકડાં, પુસ્તકો તેમજ કેળવણી કૌશલ્ય પુરસ્કાર અને શિષ્યવૃત્તિ દ્વારા સહાય.

### પર્યાવરણ જાળવણી અને જળરક્ષણ કાર્યક્રમ

મૂલ્યવાન કુદરતી સંપત્તિઓની જાળવણી અને રક્ષણ.

### આપત્કાલીન રાહત

દુષ્કાળ, ભૂકંપ અને વિનાશકારી પૂર જેવી પ્રાકૃતિક વિપદાના ભોગ બનેલા માનવોની સાથે ખભેખભા મિલાવી પાણી, ભોજન, કપડાં, દવા અને આશ્રય પૂરાં પાડવાં જેવાં તાત્કાલિક રાહત કાર્યોનાં આયોજનથી આરંભી પીડિતોનાં પુનર્વસન આદિનાં લાંબા ગાળાનાં આયોજન.

### પશુ નિભાવ છાવણીઓ

દુષ્કાળની પરિસ્થિતિમાં પશુઓના નિભાવ માટે છાવણીઓ કરી ખેડૂતોને સહાય.

---

**અગત્યની નોંધ :**

- *અનુપમ મિશન ચેરિટેબલ ટ્રસ્ટ એ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ અન્વયે રજિસ્ટર્ડ થયેલું છે. તેનો જૂનો રજિસ્ટ્રેશન નંબર ખેડા-E-2422, તારીખ ૧૩-૮-૭૬ અને નવો રજિસ્ટ્રેશન નંબર E/1390/આણંદ, તારીખ ૩-૯-૦૧ છે.*
- *અનુપમ મિશનને આપેલ આર્થિક સહાય ઈન્કમટેક્સ એક્ટ, 1961ના સેક્શન ૮૦-G (5) અન્વયે કરમુક્તિને પાત્ર છે.*
- *અનુપમ મિશન એ ફોરેન કન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ, 1976 અન્વયે રજિસ્ટર્ડ થયેલું છે.*
- *જો આપ અનુપમ મિશનના ભારત કેન્દ્રની સેવાકીય પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થવા માગતા હો તો આપના આર્થિક સહયોગનો ચેક **"અનુપમ મિશન"**ના નામે લખી, હેતુ દર્શાવતા પત્રની સાથે મોકલાવી શકો છો.*


રમકડાંલય


ભૂકંપ રાહત પ્રવૃત્તિ




અનાથાશ્રમ


વયસ્કોની માવજત


દુષ્કાળ રાહત


પુનર્વસન

## અનુપમ મિશન : યુ.કે. પ્રવૃત્તિઓ



ઈંગ્લૅન્ડમાં લંડન મહાનગરની પશ્ચિમે આવેલું અનુપમ મિશનનું કેન્દ્ર યુ.કે., યુરોપ અને આફ્રિકામાં સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન કરે છે.

- ✱ સંસ્કૃતિ, સંસ્કાર તેમજ મૂલ્યોનું જતન અને સંવર્ધન.
- ✱ નિત્ય ધ્યાન, ધૂન, આરતી, મહાપૂજા, સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય અને ધર્મોપદેશ.
- ✱ આધ્યાત્મિક અને સંસ્કારસિંચન શિબિરો અને યોગ શિબિરો.
- ✱ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી.
- ✱ હરિભક્તોના ઘરે પધરામણી, મહાપૂજા અને પ્રાર્થના.
- ✱ પ્રાર્થના અને સભા માટે વિશ્વભરમાં વિચરણ અને કેન્દ્રોની સ્થાપના.

### કન્ટેઈનર્સ ફોર પીસ

યુ.કે.માં ફાજલ પડેલ વસ્ત્રો કન્ટેઈનર્સમાં ભારત આવે તેનું જરૂરતમંદોને વિતરણ.



### ગુજરાતી ભાષાના વર્ગો

અનુપમ મિશનના સ્વયંસેવકો દ્વારા ગુજરાતી ભાષાના વર્ગોનું આયોજન.



### યોગ શિબિરો

અનુપમ મિશનના સ્વયંસેવકો દ્વારા યોગ શિબિરોનું આયોજન.



### સેવાકીય પ્રવૃત્તિઓને સહાય

બાળકોના અભ્યાસ અને નિર્વાહ માટે તથા રાહત કાર્યો માટે સમાજમાંથી ફાળો એકત્ર કરી સહાય.



### યોગી યુવા શિબિરો

યુવાનોમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનાં સંવર્ધન અને પોષણ માટે યોગી યુવા શિબિરોનાં આયોજન.



### જ્ઞાન શિબિરો

વયસ્કોને આધ્યાત્મિક અને સુમેળભર્યું જીવન જીવવા માટેની તાલીમ શિબિરો.





# અનુપમ મિશન : યુ.એસ.એ.
## પ્રવૃત્તિઓ



યુ.એસ.એ.માં પેન્સિલવેનિયા રાજ્યના ઍલનટાઉન નગરની નજીકમાં આવેલું અનુપમ મિશન, યુ.એસ.એ.નું કેન્દ્ર યુ.એસ.એ. તેમજ કેનેડામાં સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન કરે છે.

* સંસ્કૃતિ, સંસ્કાર તેમજ મૂલ્યોનું જતન અને સંવર્ધન.
* નિત્ય ધ્યાન, ધૂન, આરતી, મહાપૂજા, સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય અને ધર્મોપદેશ.
* આધ્યાત્મિક અને સંસ્કારસિંચન શિબિરો અને યોગ શિબિરો.
* આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી.
* હરિભક્તોના ઘરે પધરામણી, મહાપૂજા અને પ્રાર્થના.
* પ્રાર્થના અને સભા માટે વિશ્વભરમાં વિચરણ અને કેન્દ્રોની સ્થાપના.

### યોગી યુવા શિબિર

યુવાનોમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનાં સંવર્ધન અને પોષણ માટે યોગી યુવા શિબિરોનાં આયોજન.

### જ્ઞાન શિબિરો

વયસ્કોને આધ્યાત્મિક અને સુમેળભર્યું જીવન જીવવા માટેની તાલીમ શિબિરો.

### યોગ અને પ્રાણાયામ શિબિરો

નિષ્ણાત તજજ્ઞો દ્વારા સમયાંતરે યોગ અને પ્રાણાયામ શિક્ષણની શિબિરો.

### સ્વાસ્થ્ય શિબિરો

તબીબી વીમો ન હોય તેવી વ્યક્તિઓને નિ:શુલ્ક સ્વાસ્થ્ય પરીક્ષણ, નિદાન અને સારવાર સહાય.

### આપત્કાલીન રાહત

ભારતના ગુજરાતમાં ધરતીકંપ તથા અમેરિકાના કેટરિના વાવાઝોડા જેવી પ્રાકૃતિક વિપદામાં ફાળો એકત્ર કરી સહાય.

















# અનુપમ મિશનનાં વિશ્વવ્યાપી કેન્દ્રો

| Centre | Name / Address | Phone/Mobile No. |
|---|---|---|
| Ahmedabad | Anoopam Mission Sant Nivas, Upasanadham, Opp. Pusparaj Tower, Beside WIAA, Bodakdev, Ahmedabad - 380 054. Email : amamdavad@gmail.com | +91 79 26855498 |
| Dhari | Anoopam Mission, Yoginagar, Dhari - 365 640, Dist. Amreli, Gujarat, India | +91 2797 221311 |
| Manavadar | Shri Aksharpurushottam Mandir, At River Bank, Baug Darwaja, Manavadar - 362 630, Dist. Junagadh, INDIA, Email : ammanavadar@gmail.com | +91 2874 221422 |
| Mumbai | Anoopam Mission Social Welfare Centre, Plot No. 24, Opp. Adhiraj Garden, Sector 5, Kharghar, Navi Mumbai-410 210, INDIA. Email : amswc_kharghar@anoopam.org | +91 22 65178175 |
| Shinay | Anoopam Mission, Yogipuram, Adipur-Mundra Road, Shinay-370 205, Ta. Gandhidham, Dist. Kutch, Gujarat, India. | +91 94265 79175 |
| Surat | Block No. 1-2, Gujarat Housing Board Society, Near Bombay Market, Umarvada, Surat - 395 010, India Email : surat.mission@yahoo.co.in | +91 261 2323236 |
| Vemar | Upasanadham, At & Po : Vemar - 391 240, Ta : Karjan, Dist : Vadodara Email : upasanadham@gmail.com | +91 2666 221400 |
| Florida USA | Anoopam Mission FL Chapter, 4685 US 98 South, Lakeland, FL 33812, USA email : amusafl@anoopam.org | +1 863 205 5929 |
| Los Angeles USA | Anoopam Mission LA, CA Chapter, 3605 Funstone Ave, Norwalk - 90650, CA, USA email : amusasocal@anoopam.org | +1 714 491 8331 |
| Detroit, MI, USA | Dineshbhai Patel | +1 248 652 9311 |
| Iowa City, IA, USA | Dr. Virendrabhai Patel | +1 319 351 5426 |
| Livingston, NJ, USA | Jayantbhai Patel | +1 973 994 4207 |
| Peoria, IL, USA | Dr. Jitendrabhai Patel | +1 309 692 8386 |
| San Francisco, CA, USA | Bhaveshbhai Patel | +1 510 797 3650 |
| Toronto, Canada | Dhavalbhai Patel | +1 416 473 6018 |
| Brisbane, Australia | Dilipbhai Bhoola | +61 417 089 223 |
| Melbourne, Australia | Vipulbhai Patel | +61 433 185 138 |
| Perth, Australia | Sanjaybhai Patel | +61 413 686 909 |
| Sydney, Australia | Anoopam Mission Limited 7C Australia Street, Camperdown, NSW 20150 Australia | +61 400 000 090 |
| Auckland. NewZealand | Anoopam Mission (NZ) Inc, 150 Flat Bush School Road, Flat Bush, Auckland, 2019 NewZealand | +64 211 806 480 |